**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**સંચાલિત**



# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



ઓગષ્ટ – ૨૦૧૭ અંક – ૮
વર્ષ ૫૪ સળંગઅંક ૪૪૪
માસિક કિંમત–૧૦
વાર્ષિક લવાજમ–૧૦૦/–રૂ.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# Celebrate 2nd Anniversary




બીજી એનીવર્સરી નિમિત્તે પંચોલી સમાજના જ્ઞાતિજનોને

**સ્પે ડિસ્કાઉન્ટ**

**Pinky Mistry**
Proprietor
**RADHE ELECTRONICS**
radhe24@gmail.com
9909039396

**Hiren Mistry**
**Branch Manager**
**PNB METLIFE**
**9824702567**
**mistry460@gmail.com**

# Shaadi.com



**સંજય કિશોરભાઇ પંચોલી-લેસ્ટર**

નામ : સંજય કિશૉરભાઇ પંચૉલી
પિતા : કિશૉરભાઇ ચંપકભાઇ પંચૉલી
દાદા : ચંપકભાઇ વજૅરામ પંચૉલી (મુળ-વ્યારા-હાલ લૅસ્ટર)
માતા : રંજનબૅન કિશૉરભાઇ પંચૉલી
જન્મ તા. : ૨૯.૯.૧૯૮૨
જન્મ સમય : ૨૦.૪૫ (બ્રીટીશ સમરટાઇમ)
ઉંચાઇ : ૫' ૧૦'' વજન : ૧૦૦ કિલૉ.
સર્વિસ : Work for large car rental group. Avish Budget as a Customer Services professional. Its large International firm.
હૉબી : ISCKON Volunteer - Leicester. Photography, Reading & Sports.
સંપર્ક : ૧૫, ભવન્સ રૅસીડન્સી, સંસ્કાર ફલૅટની પાછળ, હરીૐ પૅટ્રૉલપંપ ઍલ.પી.સવાણીરૉડ, અડાજણ, સુરત ૩૯૫૦૦૯
ઇ-મૅલ : sanjpancholi360&gmail.com
વૉટસઅપ નં. : +447779329176(Sanjay)

**તા. ૨૭ સપ્ટેમ્બર થી તા. ૧૪ ઓકટોબર સુધી ભારતમાં રોકાનાર છે..**
**ઈન્ટરેસ્ટ ધરાવનાર જ્ઞાતિજનોએ સંપર્ક કરવા વિનંતી...**
**સંપર્ક : દક્ષય ગજજર-૯૮૨૪૧ ૩૭૮૭૮, રાજેશ પંચોલી-૯૮૭૯૬ ૪૮૫૧૯**

# તેજસ્વી તારલાઓ

## S.S.C. (ધો.૧૦)-વર્ષ ૨૦૧૭


યજ્ઞેશ દિનેશકુમાર
પંચોલી-વડોદરા
Persantile 98.97


પ્રસંશા સંદિપકુમાર
મપારા-
Persantile 99.65


આયુષ મિતેશભાઈ
જરીવાલા-સુરત
Persantile 98.68
88.3 %


કાનલ ડિમ્પલકુમાર
પંચોલી-
Persantile 99.53



વલ્લરી રાજેશકુમાર
ગાંધી-વ્યારા
Persantile 98.77
86.66%



ખુશીલ મનિષકુમાર
પંચોલી-છોટાઉદેપુર
Persantile 99.48
90 %


પ્રીયા ચિંતનકુમાર
મિસ્ત્રી-ગણદેવી
Persantile 98.32
85%


અવની આનંદભાઈ
પંચોલી-નવસારી
Persantile 97.80


ઝીનલ નિલેશભાઈ
મિસ્ત્રી-નવસારી
Persantile 96.54
80.16%


ભાવિ તરંગકુમાર
મિસ્ત્રી-નવસારી
Persantile 96.39
79.39 %


યુવરાજ દિવ્યકાંત
મિસ્ત્રી-મુંબઈ
84.20 %


ઝલક મયૂરકુમાર
ગજ્જર-સુરત
Persantile 94.68
77%


ખુશી મનિષકુમાર
પંચોલી-છોટાઉદેપુર
Persantile 93.58


કશ્વી રાહુલકુમાર
મિસ્ત્રી-મીરારોડ,મુંબઈ
72.80 %


વિધાન રાજુલકુમાર
પંચોલી-અમદાવાદ
Persantile 92.99


ઉન્નતિ શૈલેષકુમાર
પંચોલી-મુંબઈ
72 %


સ્તુતિ ચેતનકુમાર
પંચોલી-વ્યારા
Persantile 91.16


હેત સુનિલકુમાર
પંચોલી-ચલામલી
Persantile 90.40


દ્રષ્ટિ જીજ્ઞેશકુમાર
પંચોલી-છોટાઉદેપુર
Persantile 89.60

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

ઓગષ્ટ-૨૦૧૭

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

## તંત્રી નોંધ.....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

આ વર્ષે વરસાદે તો ભારે કરી.....જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી... નદીનાળા ફુલ... સોસાયટીઓમાં પાણી, રસ્તાઓ પર પણ પાણી અને ડેમો તો એક બે સિવાય બધા જ ભરાય ગયા..... પણ તારાજી ઘણી સર્જી... ઘણાં લોકો મરી ગયા.. ઘણાંની ઘરવખરી તણાય ગઇ...ભીંજાઇ ગઇ.. જાણે વરસાદે તો કાળો કરે વરસાવ્યો..... આવી વિકટ પરિસ્થિતિમાં અસરગ્રસ્ત લોકોને પ્રભુ સહન કરવાની શકિત આપે... મૃત્યુ પામેલ દિવંગતોની આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી મારી તથા સમગ્ર પંચોલી સમાજ વતી અંતઃકરણથી પ્રાર્થના..

વિશેષમાં ઓગષ્ટ મહિનામાં પ્રવેશ કર્યો એટલે શ્રાવણમાસ પણ અડધો પૂરો થઇ જશે... આ વર્ષે દિવાળી ઓકટોબરના ત્રીજા વીકમાં આવી રહી છે. આથી દિપોત્સવી અંકની તૈયારીઓ સવેળા અને વહેલી તકે કરી દેવી પડશે...આથી જ્ઞાતિજનોને નમ્ર અપીલ કે તમારી જાહેરાતો સત્વરે મોકલી આપવા વિનંતિ.. છે...દિપોત્સવી અંકમાં ઉંમર લાયક પુત્રી કે પુત્રના પિતાને જાહેરાત આપવા ખાસ વિનંતી. પાલ વિભાગમાંથી ફોટા સાથેની જાહેરાતનો સુંદર પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

દિપોત્સવી અંકમાં આપની જાહેરાતના સ્થાન માટે ખૂબ ખૂબ આભાર... જાહેરાતો આપે છે એઓની જ જાહેરાતો રીપીટ થાય છે... બીજા જ્ઞાતિજનોને પણ વિનંતી કે તમે પણ જાહેરાત આપો અને અપાવો. બીજુ જેઓ જાહેરાત આપ. છે કેટલાય વર્ષોથી ૧/૪ પાનું જ જાહેરાત મળે છે. હવે તો આર્થિક સિથતિ સુધરી છે. બાળકો પણ કમાતા થયા છે.. તો વિનંતી કે તેઓ ૧/૨ની જાહેરાત આપે.. અને ૧/૨ની જાહેરાત આપનાર ૧ પેજની જાહેરાત આપે એવી નમ્ર અરજ છે... દર વર્ષે જાહેરાતો નવરાત્રી પછી ખુબ જ મોડી આવે છે તો આ વર્ષે સર્વેને વિનંતી કે જેમ જેમ જાહેરાત મળે તેમ તેમ મોકલતા રહેશો... બધી જાહેરાત ભેગી થાય પછી મોકલીશું એવું વિચારશો નહિં... અને મારા આ ભગીરથ કાર્યમાં આપ સૌના સાથ સહકારની અપેક્ષા રાખું છું..

**નવયુગની નીચે જણાવેલ યોજનામાં જોડાવા હાર્દિક અપીલ કરું છું.. નવયુગ શુભેચ્છક :** રૂા. ૧૫,૫૫૫/-

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

તથા દરેક નાના મોટા એકમોની પણ સહાય મળશે એવી આશા રાખું છું......................... અસ્તુ.



Free hi-res JPG file download - Resolution 5000x3750 px - www.psdgraphics.com

# પ્રમુખ નોંધ.....

મનિષભાઇ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

તમામ જ્ઞાતિજનોને શ્રાવણમાસની હાર્દિક શુભેચ્છાઓ. હિન્દુ ધર્મના તમામ તહેવારોનું આગમન થઇ રહ્યું છે. વર્ષાઋતુ સાથે આપણે આપણાં તહેવારોની ઉજવણી કરી આનંદ માણી રહ્યા છે..

શ્રી પંચોલી સેવા સમાજના હિસાબો ઓડિટ થઇ રહ્યાં છે. જે કાર્ય પૂર્ણ થયેથી સામાન્ય સભાનું આયોજન કરવામાં આવશે. દરેક એકમમાંથી હોદ્દેદારો, મહિલા મંડળ અને યુવા સુગઠનના હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પઠવું છુ. સ્થળ અને તારીખ ટૂંક સમયમાં દરેક એકમમાં જણાવવામાં આવશે.

ધીરે ધીરે મહિલા મંડળો અને મહામંડળના એકમો નિષ્ક્રિય થઇ રહ્યા હોય એવું લાગી રહ્યું છે. દરેક ને વિનંતી કે તમારા એકમોમાં વિવિધ પ્રવૃત્તિઓ કરતા રહેશો. યુવા સંગઠનના મિત્રોને પણ વિનંતિ કે નાની મોટી પ્રવૃત્તિઓ કરી એકમને ચેતનવંતુ રાખશો..

શ્રાવણમાસ તથા ગણેશોત્સવ દરમ્યાન ઘણી પ્રવૃત્તિ કરી શકાય એમ છે... તો આપણાં દરેક એકમમાં પ્રવૃત્તિઓ કરવા વિનંતી..

આ માસના નવયુગમાં દિપોત્સવી અંકની જાહેરાત માટે ફોર્મ આપવામાં આવ્યું છે..તો દરેક જ્ઞાતિજનો, દરેક એકમના હોદ્દેદારો તથા મહામંડળના હોદ્દેદારોને નમ્ર અરજ કે સત્વરે દિપોત્સવી અંકની જાહેરાત એકત્ર કરી તંત્રીશ્રીને મોકલવા વિનંતી.

સ્વર્ણિમ ફંડમાં જે જ્ઞાતિજનો એ પાંચ વર્ષ માટે દર વર્ષે ફાળો આપવા માટે સંપતિ આપેલ છે તથા જેમણે સ્વર્ણિમ ફંડમાં રકમ આપવાની બાકી હોય તે જમા કરાવવા વિનંતિ કરું છું.

નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/- નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ.. જેમણે સ્વર્ણિમ ફંડમાં ૫ વર્ષ માટે રકમ નોંધાવી હોય તેમણે આ વર્ષની રકમ મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જમા કરાવવા વિનંતી. અસ્તુ.

## જિંદગીનો વિરોધાભાસ

- આપણી પાસે મકાનો ઊંચા છે, પણ વિચારો નીચા છે.
- વાહનો માટે રસ્તા પહોળા છે, પણ મનની ગલીઓ સાંકડી બની ગઇ છે.
- ઘર વિશાળ થઇ ગયા છે, પણ કુટુંબ નાનાં થઇ ગયાં છે.
- ભણતર વધ્યું છે, પણ ગણતર ઘટ્યું છે.
- ખર્ચ ધૂમ કરીએ છીએ, પણ જરૂરિયાતમંદ લોકોને આપવા માટે આપણી પાસે પૈસા નથી.
- સુખસગવડો વધી છે, પણ એ માણવા માટેનો સમય ઘટી ગયો છે.
- આપણી આસપાસની વસ્તુઓ વધારી છે, પણ આપણી કિંમત ઘટાડી છે.

# શ્રદ્ધાંજલિ



**સ્વ.દિલીપકુમાર મોહનલાલ મિસ્ત્રી**

જન્મ તારીખ - ૦૬/૦૪/૧૯૫૯

સ્વર્ગવાસ તારીખ - ૨૯/૦૬/૨૦૧૭ સવંત ૨૦૭૩ અષાઢ સુદ છઠ ને ગુરૂવાર

અજરાઈ-હાલ સુરત

જીવન એવું જીવી ગયા કે સૌ યાદ કરે..
કર્મ એવા કર્યા કે સૌના દિલમાં ગુંજ્યા કરે..
કાર્ય કદી ભુલ્યા નહિ.... વ્યવહાર કદી ચુકયા જહિ...
સુખમાં અને દુ:ખમાં સદા હસતા રહ્યા.. અને સૌના દિલમાં વસતા રહ્યા...
પ્રભુ એમના આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારા સૌની પ્રાર્થના..

## અર્પણકર્તા

ગં.સ્વ. ગીતાબેન દિલીપકુમાર મિસ્ત્રી-સુરત

શ્રી નિકુંજ દિલીપકુમાર મિસ્ત્રી-સુરત
અ.સૌ. કાજલ નિકુંજકુમાર મિસ્ત્રી-સુરત

શ્રી ધવલ દિલીપકુમાર મિસ્ત્રી-સુરત
અ.સૌ. અર્પિતા ધવલકુમાર મિસ્ત્રી - USA

ચિ. આન્યા ધવલકુમાર મિસ્ત્રી - USA

શ્રી યોગેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
અ.સૌ. ઉર્વશીબેન યોગેશકુમાર મિસ્ત્રી

શ્રી ચિરાગ યોગેશકુમાર મિસ્ત્રી
અ.સો. રીટા ચિરાગકુમાર મિસ્ત્રી

શ્રી ભાવિક યોગેશકુમાર મિસ્ત્રી
અ.સૌ. રોશની ભાવિકકુમાર મિસ્ત્રી

શ્રી કિશોરકુમાર મોહનલાલ મિસ્ત્રી-UK
ચિ. અમિત કિશોર મિસ્ત્રી-UK

# Heartiest Congratulations
# To our daughter
# Vallari Rajesh Gandhi

## On successful Completion of her Bharat Natyam "Arangetram"



**From .....**

*Natvarlal K. Gandhi (Dada)*
*Jasuben N. Gandhi (Dadi)*
*Rajesh N. Gandhi (Papa)*
*Monal R. Gandhi (Mummy)*
*Mayank N. Gandhi (Kaka)*
*Anil R. Pancholi (Fua)*
*Varsha A. Pancholi (Foi)*
*Dhanisha*
*Jamiyatbhai J. Pancholi (Nana)*
*Prabhavati J. Pancholi (Nani)*
*Jitendra A. Shah (Masa)*
*Ishita J. Shah (Masi)*
*Niyati*

Plot No. 10, 872, Sabridham-2,
K.A.P.S.By Pass Road,
Kanpura, Vyara
Mo. : 94277 82159



## Shaadi.com

નામ : **ક્રિના પારસભાઇ મિસ્ત્રી**
પિતા : પારસભાઇ મનુભાઇ મિસ્ત્રી
મો. ૯૮૨૫૩ ૬૩૦૦૨
માતા : સ્નેહાબેન મિસ્ત્રી - ૯૪૨૬૨ ૧૬૯૯૮
જન્મ તા. : ૨૯.૦૧.૧૯૯૪ જન્મ સ્થળ : સુરત
જન્મ સમય : બપોરે : ૩.૫૭
ઉંચાઇ : ૫'.૩''
અભ્યાસ : Bachelor of Architect
સર્વિસ : Assistant designer at Surat
ભાઇ-બહેન : ઉત્સવ પારસભાઇ મિસ્ત્રી (Dip.Engg.)
જન્માક્ષર : માને છે.
સરનામું : એ-૨૦૨, અંજની હાઇટસ, માનવ મંદિર પાછળ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર

## પ્રથમ વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છાઓ.....



**ચિ. કહાન(કૃષ્ણ)**
**જયમીન પંચોલી**
**તા. : ૦૧.૦૮.૨૦૧૬**

બાર-બાર દિન યે આયે, બાર બાર દિલ યે ગાયે
તુમ જીયો હજારો સાલ, એ મેરી હૈ આરઝુ
હેપી બર્થડે ટુ કહાન(કૃષ્ણ) હેપી બર્થડે ટુ યુ.....

અમારા જીવનરૂપી બગીચામાં માઁ ગાયત્રીની અસીમ કૃપાથી પૌત્ર
**ચિ. કહાન(કૃષ્ણ)**
રૂપી સુંદર પુષ્પ પ્રાપ્ત થયું છે. આજે એની પ્રથમ વર્ષગાંઠે તેનું જીવન પુષ્પની જેમ ખીલતું રહે... મહેકતું રહે તથા મેઘધનુષના સાતે રંગોથી પ્રકાશિત રહે, સ્વસ્થ, નિરોગી રહે અને અમારો બગીચો તેના કલરવથી શોભાન્વિત રહે એવા શુભ આશિષ સહ હાર્દિક શુભેચ્છાઓ

**શુભેચ્છક**
સ્વ. મોહનલાલ નાથાલાલ પંચોલી
સ્વ. સવિતાબેન એમ. પંચોલી
સ્વ. રસીકભાઇ મોહનભાઇ પંચોલી
સ્વ. ધર્મીષ્ઠાબેન આર. પંચોલી
ગિરીશભાઇ મોહનલાલ પંચોલી
શ્રીમતિ કલ્પનાબેન જી. પંચોલી
જયમીન ગિરીશચંદ્ર પંચોલી કાજલ જયમીન પંચોલી

૨૦૧, આશ્રય ફ્લેટ, વેક્સીનરોડ, દિવાળીપુરા, વડોદરા-૧૫
મો. ૯૮૯૮૦૫૪૭૨૬



## પ્રથમ જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ...

**ચિ. હર્ષ**

વર્ષો વર્ષ આમ જ હસતાં રહો...
ખિલખિલતાં રહો.....સદૈવ..
પ્રથમ જન્મદિવસની
હાર્દિક શુભેચ્છાઓ સહ.. શુભાશિષ

**-: શુભેચ્છક :-**

ધનેશભાઈ મગનલાલ પંચોલી
જાગૃતિબેન ડી. પંચોલી
અમિતકુમાર ડી. પંચોલી નેહાબેન એ. પંચોલી
દિપેશકુમાર એસ. પંચોલી
મિતાલી ડી. પંચોલી
સત્યમ ડી. પંચોલી યુગ ડી. પંચોલી

૧૯૧, 'માતૃછાયા', બીલી વણકર ટેકરા પાછળ,
બીલીમોરા (પશ્ચિમ) ૩૯૬ ૩૨૧ જિ. નવસારી
મો. : ધનેશભાઈ - ૯૨૨૮૩૧૬૦૬૮
અમિત : ૦૮૧૪૧૪ ૫૩૮૦૧

**ચિ. હર્ષ અમિતકુમાર મિસ્ત્રી**
**તા. ૭.૭.૨૦૧૬**



## પરદેશ ગમનની હાર્દિક શુભેચ્છાઓ.



શ્રી નારણદાસ અંબાલાલ પંચોલી
શ્રીમતિ મધુકાંતાબેન નારણદાસ પંચોલી
શ્રી સુરેશચંદ્ર નારણદાસ પંચોલી
શ્રીમતિ દક્ષાબેન સુરેશચંદ્ર પંચોલી
શ્રી નૈતિકકુમાર સુરેશચંદ્ર પંચોલી
(તેજગઢ)

**સ્મીત(સોનુ) સુરેશચંદ્ર પંચોલી**
**વડોદરા(તેજગઢ)**

૩૯, પાયલપાર્ક સોસાયટી,
સખેડા દશાલાડ ભવન પાસે, વાઘોડિયારોડ, વડોદરા

# જીવનમાં સફળ

નટુભાઈ પંચોલી-જબુગામ

સંયમ, નિયમ અને પ્રાણાયામ વગરનું જીવન આયુષ્ય ઘટાડી શકે છે. માણસે વ્યસનમુકત, સાદુ અને શુધ્ધ જીવન જીવવું જોઇએ. દરેક માણસે સાક્ષી ભાવે પોતાના જીવનનું દર્શન કરવું જુઇએ. પોતપોતાના ન્યાયાધીશ બની પોતાની જાતનું નિરીક્ષણ કરી જાતને સુધારવા માટે કમર કસે તો સમાજમાંથી ઘણો કચરો દૂર થઇ શકે. શરીર નિરોગી દિઘાર્યુ અને સુખી રાખવા માટે વ્યસનોનો સંપૂર્ણ ત્યાગ તેમજ કુસંગ છોડીને જીવવું જોઇએ. દ્દઢ મનોબળથી જીવવું જોઇએ.

જીવન સફળ થવું એટલે સૌથી પહેલાં એક સારી વ્યકિત થવું. બીજાઓ આપણને ચાહે એવા બનવું. બીજાઓને મદદ કરવી. સૌ માટે હૃદયમાં સારી રીતે લાગણી વ્યકત કરે તે સારી વ્યકિત કહેવાય.

જીવનના કર્મયોગ અનિવાર્ય છે. કર્મ એ તો અનુભવની પાઠશાળા છે. જો આપણે કશું જ કરીએ તો આપણને અનુભવ પ્રાપ્ત ન થાય. જો કાર્ય કરવાની શરૂઆત કરીએ તો આપણા કાર્યના સર્વ સંયોગો બીજા સાથેના સંપર્કો બધુ જ અનુભવનું ક્ષેત્ર બની જાય છે. નિયમ, શિસ્ત અને વ્યવસ્થા પ્રમાણે કામ કરીએ. સાચી રીતે કરેલું કામ ધાર્યા કરતાં વધારે પ્રગતિ કરાવી શકે છે.

સાદાઇરૂપી સૌંદર્યને વધુ સુંદર બનાવવા માટે જીવનમાં ઉચ્ચ વિચાર અને સાદુ જીવન અપનાવીએ. ઉચ્ચ વિચાર અને શ્રેષ્ઠ આચરણથી જીવનની વાસ્તવીક સુંદરતાના માલિક બનીએ. જે પોતાના જીવનને સાદગીપૂર્વક ઉચ્ચ વિચારો સાથે જીવે છે તેઓ ગમે તેટલા વૃદ્ધ થઇ જાય છતાં કદરૂપા નથી થતા જેમ જેમ આપણાં વિચારો નિર્મળ થતાં જાય, વ્યવહાર પવિત્ર થાય, તેમ તેમ ચહેરો એટલો જ તેજસ્વી થતો જાય છે. જેની પાસે જીવનનું સૌંદર્ય છે તેને કયારેય પણ શરીરનું સૌંદર્ય નથી લોભાવતું. જીવનની દરેક અવસ્થામાં પોતે અનૂકુળ થઇ જીવનમાં આવતી મુસીબતોને જીવવા અને ભોગવવા સમર્થ બનીએ.

સુટેવોના ઘડતર થકી જીવનમાં અંત સુધી એ ટેવ ઉપયોગી થશે. ત્યારબાદ તેને ભુલવા ચાહિએ તો પણ એટેવો ભુલાશે નહિં. જે લોકો નિયમિત વહેલા ઉઠે છે, કસરત કરે છે. સમતોલ આહાર ગ્રહણ કરે છે. વ્યસનથી દૂર રહે છે તે જીવનના અંત સુધી આ તમામ પ્રકારના સદ્દગુણોને ટકાવી રાખે છે. જીવનમાં સુટેવ હોય તો એ મૃત્યુ સુધી ટકી રહે છે. જીવનમાં પ્રાપ્ત કરેલા ઉત્તમ ગુણો સ્વાભાવિક બની જાય છે.

લાલચ એ પૈસા સાથે જોડાયેલી જીવનમાં ઘણી બધી બાબતોમાંની એક છે. લોભ એ એક વધતી જતી જરૂરીઆત છે. આ વધતી જતી જરૂરિયાતો ધીરે ધીરે આપણને વધુ... હજી વધુનો અહેસાસ કરાવે છે. એ વધુ નો એક નિશ્રિંત અંત કરી રાખીએ, કારણ કે વધુનો એ પ્રવાસ આપણને કયાંય નહી અટકવા દે. આપણે ઇચ્છિએ કે આપણાં જીવનના તમામ સુખો સાચા અર્થમાં જીવીએ અને માણીએ. જેને માટે અટકવું, થોભવું, શ્વાસ લેવા અનિવાર્ય છે.

આજનો સમય ઝડપથી આગળ વધી જવાનો સમય છે. જે નકામું છે, જે નથી ગમ્યુ, જે વાતથી દુઃખ પહોચ્યુ છે અથવા આઘાત લાગ્યો છે એ બધુ જ છોડી દલને હકારાત્મક દિશામાં આગળ વધવું એનું નામ જીવન. જિંદગી તો રોજ રોજ કંઇક નવું શીખવાડે છે. નવું દેખાડે છે અને નવાં જ આશ્વર્યો ઉઘાડે છે. નવો સૂર્યોદય પોતાની સાથે નવો દિવસ, જવા વિચારો, નવા અનુભવો અને સાથે નવી લાગણીઓ લઇને આવે છે. આ વિચારો, અનુભવો અને લાગણીઓ થકી જીવનને સુંદર બનાવીએ.

આનંદ અને સંતોષ એ વાત પર નિર્ભર કરે છે કે જીવનમાં કેટલું મળે તો બહુ ગણાય. આપણે આપણા જીવન માટે એક મર્યાદા નકકી કરીએ. જે નથી તેના કરતાં જે વણ માગ્યે ઇશ્વરે આપ્યું છે તેનો આભાર માનીએ. આપણને જે સહજતાથી મળ્યું છે તેનો

આભાર માનીએ. ઇશ્વરને પ્રાર્થના કરીએ કે આપણાં પ્રત્યેકના મનમાં સમજણનો દીવો પ્રગટે અને સમગ્ર સમાજ તેનાથી પ્રકાશિત થાય છે.

આપણે પોતાનાં જીવનમાં કામને પ્રેમ કરવાનો પ્રયત્ન કરીએ. પોતાના જીવનને વ્યર્થ ન વેડફીએ. આલી મગજ શૈતાનનું ઘર છે. દરેક ક્ષણનો સદ્ઉપયોગ કરીએ. સારા અને શ્રેષ્ઠ કામ કરવાનો સંકલ્પ કરીએ. શ્રેષ્ઠ કાર્યોને પ્રેમ કરવો એ ખુદ ઇશ્વરને પ્રેમ કરવો બરાબર છે. જીવનમાં જે મળ્યું છે, જેવું મળ્યું છે, જેટલું મળ્યું છે, જેવા સ્વરૂપે મળ્યું છે તે સ્વીકારવાનું શીખીએ. આપણે આપણા સ્વભાવને પવિત્ર અને નિર્મળ બનાવીએ. પરિવર્તનને હસ્તા મુખે સહન કરવાની કોશીષ કરીએ. મનની શાંતિને સર્વાધિક મહત્વ આપીએ દરેક સ્થિતિમાં પોતાના તરફથી અન્યને સુખ અને શિતળતાની છાયા આપીએ.

જીવનમાં આકાંક્ષાઓની જાળમાં ન ફસાઇએ, પોતાની આકાંક્ષા અને જરૂરિઆતની મર્યાદામાં બાંધીએ. રહેવા માટે મકાન છે, ખાવા માટે રોટલી છે, પહેરવા માટે કપડાં છે, સમાજમાં આબરૂની જીંદગી છે તો આરામ કરીએ. પોતાની આવશ્યકતા જેટલું ધન કમાઇએ અને વગર કારણે મુંઝાઇને રાતની ઉંઘ અને દિવસની શાંતિ ન ગુમાવીએ.

શાંતિમય જીવનનો પાયો છે સ્વચ્છતા. આ જગત અને જીવન જેમ છે તેમ જ રહેશે. તેને સહજભાવે સ્વીકારી સ્વસ્થ રહીએ તો શાંતિ પામીએ. શાંતિની શરત છે. શાંત રહીએ, સ્વસ્થ રહીએ, તેનું પરિણામ છે શાંતિ. વ્યકિત પોતે શાંતિ પામે, પરિવારમાં શાંતિ સ્થાપે અને સમાજમાં શાંતિ ફેલાવી શકે તો અંતે વિશ્વ શાંતિ આપમેળે જ પ્રગટશે...

# પિતા

શીલાબેન અશ્વિનભાઇ પંચોલી
વડોદરા

પિતાનું સ્થાન જીવનમાં ખૂબ જ મહત્વનું હોય છે. પિતાએ પોતાનો આનંદ સુખ-દુઃખ કોઇની સમક્ષ વ્યકત નથી કરતા. પિતા એ આપણા ઘરનું મૂક વ્યકતવ્ય છે.

**ફા :** એટલે ડોળા ફાડે એ...
**ધ :** એટલે ધમકાવે તે અને
**ર :** એટલે રડાવે તે...

આવી એક વ્યવહારિક માન્યતા છે. ઘરનો મોભી પિતા બધુ પતાવી દે, પિતા એટલે કે આબરૂ રાખે એ પિતા. ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે. પરમાત્માને જગતપિતા કહેવામાં આવે છે... પિતા એટલે અનુસાશન. પિતાનો પ્રેમ છુપો છે.. ખરેખર પિતા જનક છે. તેના વગર ઘર સંસાર સંભવી ન શકે. જીવંત રૂપી રથના બે સારથી પિતાને અને માતા, પિતાને રાષ્ટ્રપતિ અને માતાને પ્રધાનમંત્રી કહીએ તો લગીરે ખોટું નથી. પિતા ઘરનું આભૂષણ છે... દર્પણ છે.. તેથી કહેવાય છે કે ' બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા'. વારસાયનો હકક પિતા દ્વારા મળે છે. અને માતા દ્વાર મળે તે અપવાદમાં....

સંતાન પિતાનું નામ રોશન કરે તેવી દરેકની ઇચ્છા હોય છે. પિતા ઇચ્છે કે બેટા તો બાપ કરતાં સવાયા જ હોવા જોઇએ. પિતાની એક આંખમાં ક્રોધ અને એક આંખમાં પ્રેમ હોય છે. પિતા નારીયેળ જેવા હોય છે.. ઉપરથી સખત અને અંદરથી મીઠા મધ જેવા... માતા બાળકને ધરપત આપે અને પિતા બાળકને હિંમત આપે છે. પિતા પારસમણી તો બાળક સોનું.. પરંતુ બાળક સંસ્કારની મૂડી સાચવે તો જ..

એક હકિકત છે કે પિતા-પુત્ર મિત્ર બનીને રહે, એકબીજાના પૂરક બને તો સાંસારિક કે આર્થિક કોઇ પ્રશ્ન જ નહીં રહે.. એટલી તાકાત છે. અંતમાં પિતાનો આદર કરીએ, હૂંફની ચાદર ઓઢી બેફીકર બની જઇએ....

# દિપોત્સવી અંક - ૨૦૧૭

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (ફોટા સાથે-૪૫૦) | ₹ ૪૦૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા (‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................
(૨)........................................ (૩) ........................................
(૪)........................................ (૫) ........................................
(૬)........................................ (૭) ........................................
(૮)........................................ (૯) ........................................

સરનામુ : ..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

પીન ............................ ફોન : (ઘર).............................(ઓ)..............................

મોબાઇલ ..........................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૧૫.૦૯.૨૦૧૭ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**



**સ્વ. સંદિપકુમાર નરેન્દ્રભાઈ પંચોલી**

જ.તા. ૨૩.૧૧.૧૯૮૨ સ્વર્ગવાસ : ૧૬.૦૮.૨૦૧૬

# પ્રથમ પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

અંજલી આપતા હૈયુ તૂટે છે
શ્રદ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે.
રડી પડે છે આંખો અમારી, જોઇને તસ્વીર તમારી
દરેક પ્રસંગે ખૂબ ખટકશે, ગેરહાજરી તમારી
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે
એજ પ્રાર્થના

**અર્પણકર્તા**

નરેન્દ્રભાઈ ચીમનલાલ પંચોલી-૯૩૭૭૦ ૨૯૭૮૯
માલતીબેન નરેન્દ્રભાઈ પંચોલી
અંકિત નરેન્દ્રભાઈ પંચોલી
હેત સંદિપભાઈ પંચોલી
શ્વેતા સંદિપભાઈ પંચોલી

એ-૧૫, જ્ઞાનદીપનગર સોસાયટી,
જલારામ મંદિર પાછળ, પાલનપુર રોડ, સુરત

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઑફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC**
**Code BARBO VYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઈ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC**
**code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલાના સ્વર્ગસ્થ સભ્યશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી દત્તુભાઈ મંગુભાઈ પંચોલી**

**જ.તા. ૧.૬.૧૯૪૮ સ્વર્ગવાસ : ૧.૭.૨૦૧૭**

આપણી પંચોલી જ્ઞાતિના ઉત્કર્ષ માટે તન-મન-ધનથી સમાજને ઉપયોગી થવાની આપની ભલી લાગણી અને પ્રયત્નો ભુલી શકય તેમ નથી. શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલાને આપની ખોટ હરહંમેશ સાલતી રહેશે. ઈશ્વર અમો સર્વે પરિવારના સભ્યોને આપે બતાવેલ પથ ઉપર ચાલવાનું બળ આપે અને પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ બક્ષે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

કિશોરભાઈ આર. પંચોલી, ઠાકોરભાઈ વી. પંચોલી
**આદ્યસ્થાપક**

વિજયભાઈ એમ. મપારા — **મંત્રી**
દિનેશચંદ્ર એસ. પંચોલી — **કન્વીનર**

સદસ્યશ્રીઓ - શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલા

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ-પાવી જેતપુર

તા. ૧.૭.૨૦૧૭ને શનિવારના રોજ શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુરની ૨૦૧૭ના વર્ષની પ્રથમ મિટિંગ પાવી જેતપુર એકમના મંત્રીશ્રી નિમેશકુમાર શંકરલાલ પંચોલીને ત્યાં એકમના પ્રમુખ શ્રી ગણપતભાઇ ભટાભાઇના અધ્યક્ષપણા હેઠળ રાત્રે ૮.૩૦ કલાકે સભ્યશ્રીઓ તથા બાળકો અને સમાજની બહેનો હાજર રહેવાથી સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

આજરોજની મિટિંગમાં અગાઉ ભરાયેલ તા. ૨૯.૬.૨૦૧૬ તથા ૨૮.૮.૨૦૧૬ની મિટિંગની કાર્યવાહીનું વાંચન આજની સભામાં કરવામાં આવ્યું. જેને આજની સભા સર્વાનુમતે બહાલી આપે છે. આજરોજની મિટિંગમાં એકમમાં થયેલ આવક-જાવકના હિસાબો સહમંત્રી શ્રી કનુભાઇએ રજુ કર્યા. જેને આજની સભા બહાલી આપે છે.

આજરોજની મિટિંગનું પ્રયોજન પાવી જેતપુર એકમના સભ્યોના બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ તથા શૈક્ષણિક ફાળો તથા વર્ષ ૨૦૧૭નો સભ્ય ફાળો તથા નવયુગ માટે ફાળો આપવા અંગે અપીલ કરવામાં આવી. જેના અનુસંધાને આજની સભામાં નીચે પ્રમાણે ફાળો આવેલ છે.

સ્વ. શાંતાબેન ભટાભાઇ પંચોલીના સ્મરણાર્થે ગણપતભાઇ ગોપાલભાઇ પંચોલી તરફથી શૈક્ષણિક સહાય માટે રૂા. ૩૫૦
પંચોલી ગણપતભાઇ ભટાભાઇ તરફથી સભ્ય ફી રૂા. ૧૦૦ અને રૂા. ૫૦ નવયુગને.
પંચોલી ગોપાલભાઇ ભટાભાઇ તરફથી રૂા. ૧૦૦ સભ્ય ફી અને રૂા. ૫૦ નવયુગને.
સ્વ. હિંમતલાલ મોહનલાલ પંચોલીના સ્મરણાર્થે કનુભાઇ તરફથી રૂા. ૨૫૦ શૈક્ષણિક ફાળો.
પંચોલી કનુભાઇ હિંમતભાઇ તરફથી સભ્ય ફી રૂા. ૧૦૦ તથા રૂા. ૫૦ નવયુગને
પંચોલી અંબાલાલ મગનલાલના સ્મરણાર્થે શંકરલાલ તરફથી રૂા. ૨૫૦ શૈક્ષણિક ફાળો.
પંચોલી શંકરલાલ અંબાલાલ તરફથી રૂા. ૧૦૦ સભ્ય ફી અને રૂા. ૫૦ નવયુગને.
પંચોલી અરવિંદભાઇ પરસોત્તમભાઇ તરફથી રૂા. ૧૦૦ સભ્ય ફી અને રૂા. ૫૦ નવયુગને
પંચોલી શંકરલાલ ચીમનલાલ તરફથી રૂા. ૧૦૦ સભ્ય ફી અને રૂા. ૫૦ નવયુગને.
પંચોલી વિઠ્ઠલભાઇ મંગુભાઇ તરફથી રૂા. ૧૦૦ સભ્યફી તથા રૂા. ૫૦ નવયુગને.
પંચોલી ગજેન્દ્રભાઇ પરસોત્તમદાસ તરફથી રૂા. ૧૦૦ શૈક્ષણિક ફાળો, રૂા. ૧૦૦ સભ્યફાળો અને રૂા. ૫૦ નવયુગને.
પંચોલી હરિવદન લલ્લુભાઇ તરફથી રૂા. ૧૦૦ શૈક્ષણિક, રૂા. ૧૦૦ સભ્ય ફાળો અને રૂા. ૫૦ નવયુગને.
પંચોલી કાંતિલાલ મોહનલાલ તરફથી રૂા. ૧૦૦ સભ્યફાળો, રૂા. ૫૦ નવયુગને
ઉપર મુજબ આવેલ ફાળાને આજની સભામાં પ્રમુખશ્રી દ્વારા સહર્ષ સ્વીકારી પાવતી અદા કરવામાં આવી. અને બાકીના સભ્યોને ઉપરોક્ત વાર્ષિક ફાળો, સભ્ય ફી આપવા માટે પ્રમુખશ્રી તરફથી અનુરોધ કરવામાં આવ્યો.

આજની મિટિંગમાં નીચે મુજબ બાળકોને શૈક્ષણિક કીટ એકમના પ્રમુખશ્રી તથા સભ્યશ્રી દ્વારા અદા કરવામાં આવી.
ચોપડા અને પેનો વિગેરે
પંચોલી ફાલ્ગુની વિઠ્ઠલભાઇ
પંચોલી કાવ્યા અલ્પેશભાઇ
પંચોલી અત્રિ નિમેશભાઇ
નોટ-પેન્સીલ
પંચોલી યક્ષ ગજેન્દ્રભાઇ

પંચોલી જૈનિલ ભૂપેન્દ્રભાઇ
પંચોલી કાવ્ય નિમેશભાઇ
પંચોલી તનય હિરેનભાઇ
પંચોલી સવ્ય ચિરાગભાઇ પંચોલી

અંતમાં પાવી જેતપુર એકમના મંત્રીશ્રી નિમેશકુમાર પંચોલી પરિવાર દ્વારા હાજર રહેલ સભ્યો, બાળકો અને બહેનોને ભજીયા અને ચા-કોફી નો અલ્પાહાર કરાવવામાં આવ્યો. અંતમાં આભાર દર્શન કરી છુટા પડયા.

## શ્રી પંચોલી સેવા મંડળ-રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાની કાર્યવાહક સભા પ્રમુખશ્રી જયેશભાઇ ચંદ્રકાંતભાઇ પંચોલીના અધ્યક્ષ સ્થાને તા. ૮.૦૭.૨૦૧૭ ને શનિવારે એડવોકેટ દિનેશભાઇ ડે. પંચોલી ને ત્યાં મળી.

શ્રી દત્તુભાઇ મંગુભાઇ પંચોલીનું તા. ૧.૭.૨૦૧૭ના રોજ અવસાન થયું તે બદલ ૨ મિનિટનું મૌન પાડી પ્રભુપ્રાર્થના કરી શોક ઠરાવ પાસ કરવામાં આવ્યું.

ગત મિટિંગનું પ્રોસીડીંગ વાંચી સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

મેડીકલ કેમ્પ માટે ડો. મહેશભાઇ મિસ્ત્રી અંકલેશ્વર સાથે વાતચીત થયા મુજબ અગામી માસમાં મેડીકલ કેમ્પનું આયોજન કરવું તથા તે અંગે સ્થળ અને તારીખ નકકી કરી ચોકકસ પ્રોગ્રામ બહાર પાડવો તેમ ઠરાવવામાં આવ્યું.

સમાજ તરફથી ઠોકન ફી લઇને આપવામાં આવતી નોટબુકોનું મોટાભાગનું વિતરણ થઇ ગયેલ હોય હવે જે તે વિસ્તારમાં જે કોળ આપણાં સમાજના વિદ્યાથર્ીઓ રહી ગયા હોય તેમને પુરા પાડવા. આગામી વાર્ષિક મિટિંગ થા ઇનામ વિતરણના અનુરોધને જે કોઇ વિદ્યાર્થીઓની માર્કશીટ ન આવી હોય તો તે કૃષ્ણકાંતભાઇ મપારાને ત્યાં મોકલાવી દે એમ જણાવવામાં આવ્યું.

વાડીમાં રહેવા માટે જીતુભાઇ (વાવડી) જેઓ તૈયાર છે એ માટે આગળનો રૂમ આપવો તે અંગેની જરૂરી શરતો તથા નિયમો માટે નીચે મુજબની કમિટિને સત્તા આપવામાં આવે છે.

એડવોકેટ શ્રી દિનેશભાઇ ડે. પંચોલી
વાડી કન્વીનર શ્રી વિજયભાઇ તથા મનોજભાઇ
ઉપપ્રમુખ શ્રી ગોપાળભાઇ દિનેશચંદ્ર તથા પ્રમુખશ્રી અને મંત્રીશ્રી

રાજપીપલાના વતની હાલ કર્મભૂમિ અમદાવાદ ખાતે રહેતા સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જયેન્દ્રભાઇ નટવરલાલ પંચોલીને લલિતકલા ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. જેઓને સન્માનપત્ર તથા રૂા. ૫૦,૦૦૦/- ના રોકડ પારિતોષકથી ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ તેઓને ચિત્રકલા ક્ષેત્રે આપેલ યોગદાન બદલ 'ગુજરાત રાજ્ય લલિતકલા ગૌરવ પુરસ્કાર (વર્ષ ૨૦૧૫-૧૬) એનાયત થયો છે. તે બદલ માદરે વતન રાજપીપલાના સૌ જ્ઞાતિજનો આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. તેઓ તેમનું નામ રાજ્ય, દેશ અને વિદેશોમાં વધુને વધુ રોશન કરે એવી આ તબકકે આપણાં એકમ, પંચોલી સેવા સમાજ મહામંડળ વતી હાર્દિક શુભેચ્છાઓ 'ઓલ ધ બેસ્ટ ટુ અવર JAY PANCHOLI'

પ્રમુખ સ્થાને એક રજુઆત આવતા શ્રાવણમાસ સાથે સાથે તહેવારોની રજાઓ આવતી હોય એક પ્રવાસનું આયોજન કરવાની વિચારણા કરવામાં આવી અંતે તા. ૧૩.૮.૨૦૧૭ને રવિવારના રોજ રાજપીપલા એકમ, મહિલા મંડળ, યુવા ગ્રુપ તથા એકમના જ્ઞાતિજનોનો પ્રવાસ પવિજી કાલિકા યાત્રાધામ પાવાગઢ તથા નૈસર્ગિક વાતાવરણમાં બિરાજતા જંડના હનુમાનજી-જાંબુઘોડા ખાતે જવાનું નકકી કરવામાં આવ્યુ.

આગામી મિટિંગ શ્રી વિજયભાઇ ગણપતભાઇ (કલબરોડ રાજપીપલા)ના નિવાસ સ્થાને તા. ૫.૮.૨૦૧૭ને શનિવવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે મળશે એમ જાહેરાત કરવામાં આવી.

આજની મિટિંગનું સુંદર આયોજન તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવા બદલ ઍડવૉકેટ શ્રી દિનેશભાઇ-મનિષાબેન તેમની પુત્રી ચિ. રાજવીનો આભાર મંડળ વતી શ્રી રાકેશભાઇ વી. પંચોલીએ માન્યો અને સભા બરખાસ્ત કરવામાં આવી.

### શ્રી પંચોલી સમાજ-વડોદરા

વડોદરા નિવાસી ડો. શ્રી સૂર્યકાંતભાઇ એમ. પંચોલીની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી પંચોલી સમાજ વડોદરાને રૂા. ૫૦૦ પતા શ્રી પંચોલી વરિષ્ઠ નાગરિક મંડળ વડોદરાને રૂા. ૨૦૦નું દાન મળ્યું છે....

પંચોલી સમાજ વડોદરા ડો. સૂર્યકાંતભાઇને શતમ્ જીવમ્ શરદ : ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

વડોદરા નિવાસી શ્રી ગિરીશભાઇ એમ. પંચોલી તરફથી નોટબુક વિરણ માટે રૂા. ૫૦૦/- દાનમાં મળ્યા છે...

દાતાઓનો ખૂબ ખૂબ આભાર....

### સ્વર યુથ - વ્યારા

તા. ૩૦.૦૭.૨૦૧૭ના રોજ સ્વર યુથ, વ્યારા દ્વારા પી.પી.સવાણી વિદ્યામંદિર ખાતે મિટિંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દિવંગત આત્માઓને પ્રાર્થના દ્વારા શાંતિ અર્પીને કરવામાં આવી. સ્વરયુથ વ્યારાના પ્રમુખશ્રી અંકિત અનિલભાઇ પંચોલીએ શાબ્દિક પ્રવચન દ્વારા યુવાનોને સંબોધ્યા અને પર્યાવરણ અંગે સભાનતા આપી વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું.

'ફ્રેન્ડશીપ ડે' નિમિત્તે કાર્ડ મેકિંગ કોમ્પીટીશન રાખવામાં આવી હતી. તેના વિજેતા શ્રીમતિ પ્રિયા અંકિતભાઇ પંચોલી થયા હતાં. આ કાર્યક્રમના



અતિથિવિશેષ શ્રી તરીકે વ્યારા પંચોલી જ્ઞાતિ સમાજના પ્રમુખ શ્રી હિતેષભાઇ ગાંધી અને મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ પારુલબેન ગાંધી ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સેલ્ફી કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મિલાપ પંચોલી વિજેતા રહ્યા હતાં.

મિટિંગ દરમ્યાન મનોરંજનના હેતુથી કવીઝ ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૈનિશભાઇ પંચોલી વિજેતા બન્યા હતાં. મંત્રી તેજભાઇ પંચોલીએ વિજયભાઇ ગાંધીને સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવયું. કાર્યક્રમના અંતમાં અતિથિવિશેષ શ્રી હિતેષભાઇએ વાતો દ્વારા સૌને માર્ગદર્શન આપ્યું હતું. અને સૌ કોઇએ અલ્પાહાર કરીને છૂટા પડયા.


આજરોજ મળેલ દાનની યાદી....

૨૫૧ મિલાપ પંચોલી MSC 1ST YEAR પૂર્ણ થયું તે નિમિત્તે.

૫૦૧ શ્રી હિતેશભાઇ તથા , પારૂલબેન ગાંધી તરફથી અતિથિવિશેષ પદેથી.

૧૦૧ સહમંત્રી પ્રિયાબેન પંચોલી તરફથી બર્થડે નિમિત્તે..

૧૦૧ શ્રી જૈનિશભાઇ પંચોલી તરફથી કવીઝ ગેમના ઇનામની રકમ પરત સ્વરયુથને



# મહિલા સમાચાર

### શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

વર્ષની પ્રથમ મિટિંગ તા. ૨.૭.૨૦૧૭ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી. પ્રમુખ પારૂલબેન ગાંધીએ સર્વે બહેનોને આવકાર આપ્યો. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું પ્રાર્થના સમુહમાં કરવામાં આવી. પારૂલબેને સરપ્રાઇઝ રમાડી જેમાં વિજેતા શૈફાલીબેન રાહુલભાઇ પંચોલી બન્યા. દિવંગત બહેનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. બર્થડે તથા એનીવર્સરી વિશ કરવામાં આવી.

તા. ૯.૭.૨૦૧૭ના રોજ ગુરૂપૂર્ણિમા આવતી હોવાથી શિક્ષિકા બહેનોને મંચ આપી વિશ કરવામાં આવી. ગીતાબેન ગાંધીએ ગૂરૂપૂર્ણિમાનું મહત્વ સુંદર રીતે સમજાવ્યું. સમાજના હોદ્વેદારોને પારૂલબેને આવકાર આપી સ્વાગત કર્યુ. પ્રમુખ હિતેશભાઇ ગાંધી ઉપપ્રમુખ નવિનભાઇ પંચોલી તથા સહમંત્રી અંકિતભાઇએ પોતાના પ્રતિભાવ મહિલા મંડળમાં રજુ કર્યા. પ્રમુખશ્રી હિતેશભાઇ અને સાથી હોદ્દેદારોએ મહિલા મંડળને રૂા. ૮,૦૦૦ નાસ્તા પેટે અને રૂા. ૨૦૦૦ સામાન્ય સભાના ભોજન પેટ આપવાની જાહેરાત કરી. ઉપપ્રમુખ રીનલબેન તથા મંત્રી હેતલબેને ખૂબ સુંદર કેટવોક સ્પર્ધાનું આયોજન કર્યુ હતું. જેમાં ૩૦ બહેનોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે રશ્મીબેને સેવા આપી. સ્પર્ધા બે વિભાગમાં રાખવામાં આવી હતી. **અ વિભાગ**(૪૦ વર્ષ સુધીના) :- પ્રથમ - કૃતિબેન કૃણાલભાઇ પંચોલી અને દ્વિતીય ભૂમિકાબેન તેજસભાઇ પંચોલી, તૃતીય - નેહાબેન જેનિશભાઇ પંચોલી. **બ વિભાગ** :-(૪૦ વર્ષથી વધુ) પ્રથમ-ગીતાબેન જયેશભાઇ ગાંધી દ્વિતીય સોનલબેન સુનિલભાઇ પંચોલી, દ્વિતીય-પ્રભાવતીબેન જમીયતભાઇ પંચોલી (બે દ્વિતીય ક્રમ આપવામાં આવ્યા છે.) નિર્ણાયક રશ્મિબેન ખાયણા ગીતના શોખીન હોવાથી અલૂણા નિમિત્તે ખાયણાગીત રજુ કર્યા તથા કેટવોક વિશેનો એમનો પ્રતિભાવ આપ્યો. હોદ્દેદારોએ રશ્મિબેનને સ્મૃતિ ભેટ આપી તેમનો આભાર વ્યકત કર્યો. આવતા માસની મિટિંગ તા. ૨૦.૮.૨૦૧૭ના રોજ રાખવામાં આવી છે. અંતમાં ઢોકળા અને ચટણીને ન્યાય આપી છુટા પડયા.

### તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા

આજની સામાન્ય મિટિંગ તા. ૨૦.૭.૨૦૧૭ના રોજ પ્રીતિબેન મપારાને તયાં રાખવામાં આવી હતી. જેમાં આવનારા શ્રાવણમાસ દરમ્યાન એક દિવસીય પ્રવાસ અંગેની ચર્ચા કરવામાં આવી. દરેક બહેનોએ પોતપોતાના મંતવ્યો જણાવ્યા.

પ્રીતિબેને સૌને આવકારી લીબું શરબત પીવડાવ્યું. મંત્રીશ્રીએ ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. જુલાઇ માસમાં આવતી બર્થડેની શુભેચ્છા આપવામાં આવી અને મંડળ તરફથી પર્સ આપવામાં આવ્યા. ડૉ. નિરાલીબેને બહેનો માટેની ખાસ ટીપ્સ : શાના કારણે કેમ થાય છે. ? આમ મોનોપોઝ, પ્રિમેનોપોઝ અને પોષ્ટ મેનોપોઝ અચાનક બંધ થવું, ધીમે ધીમે બંધ થવું અને ત્યાર પછીના ચિહ્નો વિશે ખૂબ જ ઉંડાણમાં સમજાવ્યુ.

પ્રીતિબેને ગેમ રમાડી એના વિજેતા જ્યોતિબેન ડે. અને દ્વિતીય આનંદીબેન વિજેતા થયા.

બીજી ગેમ રમાડી તેના વિજેતા : પ્રથમ નિકુંજ અને દ્વિતીય સુરેખાબેન તથા શીલાબેન વિજેતા થયા. ચૂડીના વિજેતા બહેનોને સુરેખાબેન તરફથી સરપ્રાઇઝ ગીફટ તથા પ્રીતિબેન તરફથી સર્વે વિજેતા બહેનોને ગીફટ આપી. ડૉ. નિરાલીબેનને સ્મૃતિ ભેટ આપી. અંતમાં હાઉસી રમ્યા. અંતમાં સુરૂચી ભોજનને ન્યાય આપ્યો. ઓગષ્ટમાસની મિટિંગ તા. ૨.૮.૨૦૧૭ને બુધવારના રોજ જ્યોતિબેનને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવ્યું. પ્રીતિબેન પરિવારનો સુંદર આયોજન બદલ આભાર માની છુટા પડયા.

૧૦૧ આનંદીબેન અમરનાથની સફળ યાત્રાન નિમિત્તે ભેટ આપ્યા.

## શ્રી પંચોલી મહિલા મંડળ, અંકલેશ્વર

તા. ૮.૦૭.૨૦૧૭ના રોજ નીતાબેન રાજેશભાઇ પંચોલીના નિવાસ સ્થાને અંકલેશ્વર મહિલા મંડળની મિટિંગ મળી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. આજરોજ ગૌરીવ્રત નિમિત્તે મહેંદી હરિફાઇ રાખવામાં આવી હતી જેના વિજેતા પ્રથમ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી અને દ્વિતીય નીતાબેન રાજેશભાઇ પંચોલી થયા હતા. વિજેતા બહેનોને મંડળ તરફથી ઇનામ આપવામાં આવ્યા તથા ભાગલેનાર સભ્યોને આશ્વાસન ઇનામ આપવામાં આવ્યા. હતાં.

વન મિનિટ ગેમ રમ્યા જેના વિજેતા ૫૦ વર્ષથી ઉપરનામાં શ્રીમતિ મીનાબેન ચંદુલાલ પંચોલી અને ૫૦ વર્ષથી નીચેનામાં પ્રથમ-નીતાબેન રાજેશભાઇ પંચોલી અને દ્વિતીય સ્નેહાબેન પારસભાઇ મિસ્ત્રી વિજેતા બન્યા.

૯.૮.૨૦૧૭ના રોજ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલીને ત્યાં દેશભકિતગીત સ્પર્ધા અને ત્રીરંગાના કલરનો ડ્રેસ કોડના રંગના વસ્ત્રો પીરધાન કરી આવવું... અલ્પાહારને ન્યાય આપી છુટા પડ્યા.

## શતમ્ જીવમ્ શરદઃ



વડોદરા નિવાસી ડૉ. સૂર્યકાંતભાઇ એમ. પંચોલી તા. ૧૬.૦૮.૨૦૧૭ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ કરે છે...



રાજપીપલા નિવાસી કંચનલાલ હિંમતલાલ પંચોલી તા. ૧૦.૦૭.૨૦૧૭ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ કરે છે...

સમગ્ર પંચોલી સમાજ ૭૫મી વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...


## એકવાર જાવુ હરિના ધામમાં



રાજપીપલા નિવાસી શ્રી દત્તુભાઇ મંગુભાઇ પંચોલી તા. ૧.૭.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.



સુરત (અજરાઇ) નિવાસી દિલીપ(દિનેશ)કુમાર મોહનલાલ મિસ્ત્રી તા. ૨૮.૦૬.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.



બીલીમોરા નિવાસી શ્રી બળવંતરાય (બાલુભાઇ) છગનલાલ પંચોલી તા. ૨૯.૭.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.



વ્યારા નિવાસી શાંતાબેન મોહનલાલ પંચોલી તા. ૧૯.૦૬.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.



વ્યારા નિવાસી કાંતાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી તા. ૨૧.૦૬. ૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.

## દેવના દિધેલ



અંકલેશ્વર નિવાસી કૃણાલકુમાર રમણલાલ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. વિવાન'નો જન્મ તા. ૨૦.૦૭. ૨૦૧૭ ના રોજ થયો...

માતા : ગાયત્રીબેન

# તેજસ્વી તારલાઓ

## S.S.C. (ધો.૧૦)-વર્ષ ૨૦૧૭


દિયા સમીરભાઈ
મિસ્ત્રી-નવસારી
Persantile 88.76
(69.3 %)


હર્ષ હિતેશભાઈ
પંચોલી-વ્યારા
Persantile 83.14
64.66



મનસ્વી પરેશભાઈ
પંચોલી-વ્યારા
Persantile 82.91
64.5


હેત્વી જયેશકુમાર
પંચોલી
Persantile 98.68
62.33


સુમીલ નિલેશભાઈ
પંચોલી-વડોદરા
Persantile 78.56
61.6

## H.S.C. (ધો.૧૨) વર્ષ ૨૦૧૭


અંજલી વિનોદભાઈ
પંચોલી-નવાપુર
Sci-83.69 %


અંજલી વિજયકુમાર
પંચોલી-સુરત
Sci-Persantile 86.16


યશ રાજનકુમાર
પંચોલી-વડોદરા
A1
86.66%


નંદિની ધવલકુમાર
પંચોલી-સુરત
Gen.Persantile 98.28

## ઉચ્ચશિક્ષણ


ચાર્મી નિતિનકુમાર
મિસ્ત્રી-નવાપુર
B.Com. 64%


આયુષી મનિષકુમાર
પંચોલી-છોટાઉદેપુર
B.Sc.(Botani)55%


મનન પંચોલી
અમદાવાદ
M.S.(Computer Sci.)


પાર્થ સુનિલકુમાર
પંચોલી-વ્યારા
MSc. IT


જય હેમંતકુમાર
પંચોલી-ગણદેવી
B.E.Civl


અર્પણ ભદ્રેશકુમાર
પંચોલી-સુરત
B.E.Civil


દ્રષ્ટિ જીજ્ઞેશકુમાર
પંચોલી-છોટાઉદેપુર
Persantile 89.60


ડો. શ્રેયા અલ્પેશકુમાર
પંચોલી-સુરત
BDS


નૈનેશ હેમંતભાઈ
પંચોલી-સંખેડા
Dip. Mech.Engg.

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૨૫૦/- સંખેડા નિવાસી નૈનેશભાઇ હેમંતભાઇ પંચોલી તરફથી ડિપ્લોમાં મિકે. એન્જીનીયર થયા તે નિમિત્તે

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી શ્રીમતિ દક્ષાબેન(દાદી) શ્રી દિનેશભાઇ મોહનલાલ મિસ્ત્રી તરફથી પૌત્રી જાનવી મલય મિસ્ત્રીની દ્વિતીય વષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૦૧/- બીલીમોરા નિવાસી શ્રીમતિ જયશ્રીબેન(દાદી) તથા શ્રી બીપીનકુમાર જી. મિસ્ત્રી(દાદા) તરફથી પૌત્રી વેદાંશી ધવલ મિસ્ત્રીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૫૦૦/- વડોદરા નિવાસી ડૉ. સૂર્યકાંતભાઇ એમ. પંચોલી તરફથી એમની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૧૫૧/- વ્યારા નિવાસી સ્વ. શાંતાબેન મોહનલાલ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી...

# હેપી બર્થડે......



ચિ. જાનવી મલયકુમાર મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ૨૮.૦૮.૨૦૧૫



ચિ.હર્ષ અમિતકુમાર મિસ્ત્રી-બીલીમોરા
તા. ૦૭.૦૭.૨૦૧૬



ચિ. કહાન(કૃષ્ણ) જયમીન પંચોલી-વડોદરા
તા. ૦૭.૦૭.૨૦૧૬



ચિ.વેદાંશી ધવલકુમાર મિસ્ત્રી-બીલીમોરા
તા. ૦૧.૦૭.૨૦૧૬

નવયુગ શુભેચ્છિંતક શ્રીમુંકુંદલાલહિરાલાલપંચોલી વડોદરા શ્રીબાબુલાલરામદાસમપારા વડોદરા

**Book-Post**

**Printed Book**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**